સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 49

[28/11/21 to 04/12/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


# PSI-ASI-કોન્સ્ટેબલ

મેરીટમાં સ્થાન મેળવવા માટેનું એકમાત્ર વનલાઇનર પુસ્તક

**9,000 થી વધુ પ્રશ્ન-જવાબ**

- અભ્યાસક્રમ મુજબ ક્રમિક પ્રશ્ન-જવાબ
- 6 મહિનાના કરંટ અફેર્સ
- આગામી પોલીસ ભરતીની પરીક્ષાઓના એડવાન્સ લેવલના પ્રશ્નો

NOW AVAILABLE




www.iceonline.in


સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**28 NOV-2021**

- ભારત અને ફ્રાન્સ વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત 'શક્તિ 2021' યોજાય.... 02
- દિલ્હી સરકારે તેમની તીર્થયાત્રા યોજનામાં કરતારપુર સાહિબ અને વેલંકન્નીનો સમાવેશ કર્યો.... 02
- QUESTION ANSWERS .... 04

**29 NOV-2021**

- શ્રી વિવેક જોહરી CBICના અધ્યક્ષ તરીકે નિયુક્ત.... 05
- 9મી BRICS વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રીઓની બેઠક.... 05
- QUESTION ANSWERS .... 07

**30 NOV-2021**

- દિવસ મહિમા : 30 નવેમ્બર, કેમિકલ યુદ્ધનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેનો દિવસ.... 08
- ભારતીય મૂળના શ્રી પરાગ અગ્રવાલ Twitterના CEO બન્યા.... 08
- રાષ્ટ્રીય બહુપરીમાણીય ગરીબી સૂચકાંક : નીતિ આયોગ.... 08
- ટ્રાઈબ ઈન્ડિયા કોન્કલેવ.... 10
- QUESTION ANSWERS .... 11

**1 DEC-2021**

- દિવસ મહિમા : 1 ડિસેમ્બર, વિશ્વ એઈડ્સ દિવસ.... 12
- બાર્બાડોસ : વિશ્વનું સૌથી નવું પ્રજાસત્તાક.... 12
- મણિપુરમાં વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ બનાવવામાં આવશે.... 13
- QUESTION ANSWERS .... 14

**2 DEC-2021**

- દિવસ મહિમા : 2 ડિસેમ્બર, રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન, ગુલામી નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ વિશ્વ કમ્પ્યુટર સાક્ષરતા દિવસ.... 15
- ચારધામ દેવસ્થાનમ મેનેજમેન્ટ એક્ટ : ઉત્તરાખંડ.... 15
- ભારત G20 'ટ્રોઈકા'માં જોડાયું.... 16
- સુશ્રી અંજુ બોબી જ્યોર્જે 'વર્લ્ડ એથ્લેટિક્સ' તરફથી વુમન ઓફ ધ યર એવોર્ડ જીત્યો.... 17
- QUESTION ANSWERS .... 18

**3 DEC-2021**

- દિવસ મહિમા : 3 ડિસેમ્બર, વિશ્વ વિકલાંગ દિવસ.... 19
- શ્રીમતી ગીતા ગોપીનાથ IMFના પ્રથમ ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર બન્યા.... 19
- શ્રી લિયોનેલ મેસ્સીએ સાતમી વખત 'બેલોન ડી ઓર' એવોર્ડ જીત્યો.... 20
- QUESTION ANSWERS .... 21

**4 DEC-2021**

- દિવસ મહિમા : 4 ડિસેમ્બર, રાષ્ટ્રીય નૌસેના દિવસ.... 22
- ગ્રેટર ટીપરાલેન્ડ : ત્રિપુરા.... 22
- QUESTION ANSWERS .... 24

**ONE LINER** .... 25

**QUESTION OF THIS WEEK** .... 29


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત અને ફ્રાન્સ વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત 'શક્તિ 2021' યોજાય

ભારત અને ફ્રાન્સ વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત 'શક્તિ 2021'ની છઠ્ઠી આવૃત્તિ 26 નવેમ્બર, 2021ના રોજ ફ્રાન્સમાં સમાપ્ત થઈ છે.

- આ કવાયત 12 દિવસ સુધી ચાલી હતી.
- આ કવાયત દરમિયાન બંને દેશોની સેનાઓએ આતંકવાદ અને કાઉન્ટર ઈમર્જન્સી વાતાવરણમાં કટ્ટરપંથી જૂથો પર તેમની લડાયક શક્તિનું પ્રદર્શન કર્યુ હતું.
- આ કવાયત કે અભ્યાસમાં બંને પક્ષોને યુએન ચાર્ટર હેઠળ સંયુક્ત વાતાવરણમાં આતંકવાદ વિરોધી કામગીરીમાં તાલીમ લેવાની તક પૂરી પાડી હતી.
- આ કવાયતે સંયુક્ત રાષ્ટ્રના આદેશ હેઠળ અર્ધ–શહેરી વિસ્તારોની પૃષ્ઠભૂમિમાં આતંકવાદ વિરોધી કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું.
- જેનો મુખ્ય ઉદ્દેશ બંને સેનાઓ વચ્ચે લશ્કરી સહયોગ અને આંતર – કાર્યક્ષમતા વધારવાનો છે.
- બંને દેશોની સેનાઓ વચ્ચે આ દ્વિવાર્ષિક અભ્યાસ વર્ષ 2011માં શરૂ થયો હતો.
- આ કવાયત ભારત અને ફ્રાન્સમાં ક્રમશઃ યોજવામાં આવે છે.
- શક્તિ અભ્યાસની 5મી આવૃત્તિ વર્ષ 2019માં રાજસ્થાનમાં યોજાય હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિલ્હી સરકારે તેમની તીર્થયાત્રા યોજનામાં કરતારપુર સાહિબ અને વેલંકન્નીનો સમાવેશ કર્યો

દિલ્હી સરકારે 26 નવેમ્બર, 2021ના રોજ 'મુખ્યમંત્રી તીર્થયાત્રા યોજના' નામની તીર્થયાત્રા યોજનામાં પાકિસ્તાનમાં સ્થિત કરતારપુર સાહિબ અને તમિલનાડુમાં સ્થિત વેલંકન્ની ચર્ચને ઉમેરવાની જાહેરાત કરી છે.

- આ જાહેરાત મુજબ દિલ્હી સરકાર 5 જાન્યુઆરી, 2021ના રોજ શહેરના વરિષ્ઠ નાગરિકોની પ્રથમ બેચને કરતારપુર સાહિબની મફતમાં તીર્થયાત્રા પર મોકલશે.
- ત્યારબાદ તીર્થયાત્રાઓનો પ્રથમ સમૂહ વેલંકન્ની ચર્ચ માટે મોકલવામાં આવશે.
- તીર્થયાત્રીઓ દિલ્હી–વેલંકન્ની–દિલ્હી રૂટ પર AC-III વર્ગની ટ્રેનોમાં મુસાફરી કરશે, જ્યારે કરતારપુર સાહિબ માટે તેઓ એર–કન્ડિશન્ડ બસોમાં મુસાફરી કરશે.

## આ લાભ કોણ મેળવી શકે છે ?

આ યોજનાનો લાભ દિલ્હીના દરેક મત વિસ્તારના **1100 વરિષ્ઠ નાગરિકો** એક સમયે મેળવી શકે છે.

- આ યોજના હેઠળ **60 વર્ષથી** વધુ ઉંમરના દિલ્હીના રહેવાસીઓ તેમના જીવનસાથી સાથે મફત તીર્થયાત્રા કરવા માટે પાત્ર છે.

નોંધ : (1) સ્થાનિક, રાજ્ય અને કેન્દ્ર સરકાર અથવા સ્વાયત્ત સંસ્થાઓના કર્મચારીઓ આ યોજના માટે પાત્ર નથી.

(2) આ યોજનાનો લાભ લેવા માટે કોઈ આવક માપદંડ નથી.

ગુજરાત સરકારની ટૂંક સમયમાં પ્રસિદ્ધ થનારી વર્ગ-3ની
તમામ નવી ભરતીઓ માટેની માસ્ટર બેચ
તલાટી / પંચાયત મંત્રી, ગ્રામસેવક, હેડ કલાર્ક, નાયબ નિરીક્ષક, બિનસચિવાલય કલાર્ક વગેરે...
જનરલ બેચ
10% DISCOUNT
નવી બેચ શરૂ
તારીખ:-09/12/21
સવારે:-10:30 to 12:30
સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાંતો દ્વારા અભ્યાસ
સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ
પરીક્ષા પાસ કરવાની આક્રમક વ્યૂહરચના
Weekly Test
નવા અભ્યાસક્રમ મુજબની પરિણામલક્ષી તૈયારી
ફ્રી રજિસ્ટ્રેશન ફરજિયાત 93757-01110/93280-01110
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS
કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ.
offline રાજકોટ

1. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે સંયુક્ત લશ્કરી ક્વાયત 'શક્તિ 2021' યોજાય હતી ?

(A) ફ્રાન્સ (B) જાપાન (C) કેનેડા (D) ઓમાન

(A)

2. ભારત અને ફ્રાન્સ વચ્ચે સંયુક્ત લશ્કરી ક્વાયત 'શક્તિ'ની વર્ષ 2021માં કેટલામી આવૃત્તિ યોજાય હતી ?

(A) ત્રીજી (B) ચોથી (C) પાંચમી (D) છઠ્ઠી

(D)

3. ભારત અને ફ્રાન્સ વચ્ચે યોજાતી સંયુક્ત લશ્કરી ક્વાયતની શરૂઆત કયા વર્ષથી થઈ હતી ?

(A) 2012 (B) 2011 (C) 2010 (D) 2009

(B)

4. દિલ્હી સરકારે તાજેતરમાં 'મુખ્યમંત્રી તીર્થયાત્રા યોજના'માં નીચેના પૈકી કયા સ્થળનો સમાવેશ કર્યો છે ?

(A) કરતારપુર સાહિબ (B) વેલંકન્ની

(C) (A) અને (B) બંને (D) એકપણ નહીં

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

The King of the King
કાયદો
LATEST EDITION
બંધારણ, IPC, CRPC, EVIDENCE
■ 500+ પરીક્ષાલક્ષી પ્રશ્નો
■ પરીક્ષાલક્ષી મહત્વની કલમોની યાદી
■ કલમોની ગોખણપટ્ટી વગર ઉદાહરણ દ્વારા સમજશકિત સાથે અભ્યાસ
NOW AVAILABLE
www.iceonline.in



## શ્રી વિવેક જોહરી CBICના અધ્યક્ષ તરીકે નિયુક્ત

શ્રી વિવેક જોહરીની 28 નવેમ્બર, 2021ના રોજ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ (CBIC)ના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

- શ્રી વિવેક જોહરી 1985 બેચના ભારતીય મહેસુલ સેવા (કસ્ટમ અને પરોક્ષ કર) અધિકારી છે.
- તેઓ હાલમાં CBICના સભ્ય તરીકે કાર્યરત છે.

### CBIC

CBICનું પૂરું નામ 'Central Board of Indirect Taxes and Customs' છે.

- CBIC એ ભારતમાં GST, કસ્ટમ્સ, સેન્ટ્રલ એક્સાઈઝ, સર્વિસ ટેક્સ અને નાર્કોટિક્સનું સંચાલન કરતી નોડલ એજન્સી છે.
- CBIC એ ભારતના સૌથી જૂના સરકારી વિભાગોમાંનું એક છે.
- CBICનું નેતૃત્વ એક અધ્યક્ષ કરે છે અને તેમા છ સભ્ય હોય છે.

## 9મી BRICS વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રીઓની બેઠક

તાજેતરમાં ભારતના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી શ્રી ડો. જીતેન્દ્રસિંહે 9મી 'બ્રિક્સ વિજ્ઞાન અને ટેક્નોલોજી' મંત્રીઓની બેઠકની અધ્યક્ષતા કરી હતી.

### બેઠકની વિશેષતા

#### ભાષા સંબંધી મુખ્ય વિશેષતા

- સભ્ય દેશોએ 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ'માં BRICS માટે એક યોગ્ય સ્થાન હાંસલ કરવા માટે કામ કરવાની હાકલ કરવામાં આવી હતી.
- જેથી વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈનોવેશન (STI)ના ક્ષેત્રમાં સહકારને વધુ મજબુત કરીને યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી શકાય છે.
- BRICS દેશોએ ખર્ચ–અસરકારક, સસ્તું, સુલભ, ટકાઉ અને માપી શકાય તેવા વૈજ્ઞાનિક ઉકેલો પર નવીનતા લાવવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ, કારણ કે તમામ દેશો સમાન વિશિષ્ટ પડકારોનો સામનો કરી રહ્યા છે.

#### બ્રિક્સ ઈનોવેશન કોઓપરેશન એક્શનપ્લાન (2021-24)

- બ્રિક્સ સભ્ય દેશોએ 'વિજ્ઞાન અને ટેક્નોલોજી સંચાલન સમિતિ'ની એક બેઠક દરમિયાન ભારત દ્વારા પ્રસ્તાવિત વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈનોવેશન (STI)ની આગેવાની હેઠળના 'BRICS ઈનોવેશન કોઓપરેશન એક્શન પ્લાન' (2021-24) પર સંમત થયા છે.
- તે એકબીજાના ઈનોવેશન ઈકોસિસ્ટમના અનુભવોની વહેંચણી અને સંશોધકો તથા સાહસિકો માટે નેટવર્કિંગ સુવિધા આપશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જેના વિષયોના ક્ષેત્રમાં ક્ષણિક ખગોળીય ઘટનાઓ અને ડીપ સર્વે સાયન્સ, એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR), બિગ ડેટા એનાલિટિક્સ, ફોટોનિક્સ પર નવીનતા અને સાહસિક્તા, નેનોફોટોનિક્સ અને બાયોમેડિસન, કૃષિ, ખાદ્ય ઉદ્યોગ, ઉર્જા હાર્વેસ્ટિંગ મુદ્દાઓ વગેરેને સંબોધવા માટે મેટામેટરિયલ્સ વગેરેનો સમાવેશ થાય છે.
- આયોજન મુજબ BRICS મંત્રીઓ અને તેમના પ્રતિનિધિઓએ **2020-2021** પ્રવૃત્તિઓ માટે BRICS વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા કેલેન્ડરને સમર્થન આપ્યું હતું.

## BRICS

**BRICS** એ વિશ્વના પાંચ મોટા વિકાસશીલ દેશોનો એક સમૂહ છે.

- BRICS દેશોમાં નીચેના દેશોનો સમાવેશ થાય છે :




**B- Brazil**

**R- Russia**

**I- India**

**C- China**

**S- South Africa**

- જેમાંથી ચાર **BRIC** દેશો બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન દ્વારા વર્ષ **2006**માં આ સમૂહની સ્થાપના કરવામાં આવી હતી.
- જેમાં વર્ષ 2010માં સાઉથ આફ્રિકા પાછળથી સામેલ થયું હતું. આથી તે હવે BRICS તરીકે ઓળખાય છે.
- બ્રિક્સ દેશોમાં વિશ્વની આશરે 41 ટકા વસતીનો સમાવેશ થાય છે.
- અને વિશ્વના કુલ **GDP**માં બ્રિક્સ દેશોનો ફાળો આશરે 23.2 ટકા જેટલો છે.
- બ્રિક્સ દેશોએ જુલાઈ **2014**માં **NDB** એટલે કે **New Development Bank** નામથી એક બેંકની રચના કરવામાં આવી હતી.
- આ બેંકનું વડું મથક ચીનના શાંઘાઈમાં આવેલું છે.

નોંધ : (1) આ અગાઉ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બ્રિક્સની 13મી વાર્ષિક સમિટની અધ્યક્ષતા કરી હતી જે વર્ચ્યુઅલ માધ્યમથી યોજાઈ હતી.

(2) વર્ષ 2021માં BRICS જૂથના 15 વર્ષ પૂર્ણ થયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. તાજેતરમાં CBICના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી વિજય ચૌધરી (B) શ્રી વિવેક જોહરી (C) શ્રી વિજય કશ્યપ (D) શ્રી વિવેક કશ્યપ (B)

2. CBIC વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) CBICનું પૂરું નામ 'Central Board of Indirect Taxes and Customs' છે.

(B) તે ભારતમાં GST, કસ્ટમ્સ, સેન્ટ્રલ એક્સાઈઝ, સર્વિસ ટેક્સ અને નાર્કોટિક્સનું સંચાલન કરતી નોડલ એજન્સી છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

3. તાજેતરમાં કેટલામી BRICS વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રીઓની બેઠક મળી હતી ?

(A) 9મી (B) 11મી (C) 15મી (D) 17મી (A)

4. વર્ષ 2021માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેટલામી બ્રિકસની વાર્ષિક સમિટની અધ્યક્ષતા કરી હતી જે વર્ચ્યુઅલ માધ્યમથી યોજાય હતી ?

(A) 13મી (B) 15મી (C) 17મી (D) 19મી (A)

5. બ્રિક્સ દેશોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?

(A) બ્રાઝિલ (B) રશિયા (C) જાપાન (D) ચીન (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 30 નવેમ્બર, કેમિકલ યુદ્ધનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેનો દિવસ

## ભારતીય મૂળના શ્રી પરાગ અગ્રવાલ Twitterના CEO બન્યા

ભારતીય મૂળના શ્રી પરાગ અગ્રવાલને Twitterના CEO તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- તેમણે CEO તરીકે શ્રી જેક ડોર્સીનું સ્થાન લીધું છે.



### શ્રી પરાગ અગ્રવાલ

શ્રી પરાગ અગ્રવાલનો જન્મ વર્ષ 1984માં રાજસ્થાનના અજમેર ખાતે થયો હતો.

- તેમણે IIT બોમ્બેમાંથી બી.ટેકનો અભ્યાસ કર્યો છે.
- વર્ષ 2011માં તેઓ Twitter સાથે જોડાયા હતા.
- ત્યારબાદ તેમણે Twitter પર ચીફ ટેક્નોલોજી ઓફિસર તરીકે કામ કરવાનું શરૂ કર્યુ હતું.

## રાષ્ટ્રીય બહુપરીમાણીય ગરીબી સૂચકાંક : નીતિ આયોગ

તાજેતરમાં નીતિ આયોગે બહુપરીમાણીય ગરીબી સૂચકાંક (MPI) બહાર પાડયો છે.

- આ રિપોર્ટ 2015-16ના માટે નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS)ના આધારે તૈયાર કરવામાં આવ્યો હતો.
- રાષ્ટ્રીય MPIના માપન માટે યુનાઈટેડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) અને ઓક્સફોર્ડ પ્રોવર્ટી એન્ડ હ્યુમન ડેવલપમેન્ટ ઈનિશિયેટિવ (OPHI) દ્વારા વિકસિત વૈશ્વિક સ્તરે સ્વીકૃત અને મજબૂત પદ્ધતિનો ઉપયોગ કરે છે.
- MPI તેના ઘણા પરિણામોમાં ગરીબીને માપવાનો પ્રયાસ કરે છે અને વાસ્તવમાં માથાદીઠ વપરાશ ખર્ચના આધારે વર્તમાન ગરીબીના આંકડા પ્રદાન કરે છે.

નોંધ : (1) આ અગાઉ ઓક્ટોબર 2021માં UNDP અને OPHI દ્વારા 'વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક, 2021' બહાર પાડયો હતો.

### ઈન્ડેક્સ વિશે

#### ગરીબી સ્તર

- બિહાર રાજ્ય તેની વસતીમાં સૌથી વધુ ગરીબીનું પ્રમાણ ધરાવે છે.
- ત્યારબાદ ઝારખંડ અને ઉત્તરપ્રદેશ બહુપરીમાણીય ગરીબી સ્તર સાથે આવે છે.
- કેરળ રાજ્યમાં તેની વસતીમાં સૌથી નીચુ ગરીબી સ્તર નોંધાયુ છે ત્યારબાદ પુડુચેરી, લક્ષદ્વીપ, ગોવા અને સિક્કિમ આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કુપોષિત લોકો

- બિહારમાં સૌથી વધુ કુપોષિત લોકો છે.
- ત્યારબાદ ઝારખંડ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને છત્તીસગઢનો નંબર આવે છે.




નોંધ : MPI ત્રણ સમાન ભારિત પરીમાણો ધરાવે છે :

(1) આરોગ્ય

(2) શિક્ષણ

(3) જીવનધોરણ

## ટ્રાઈબ ઈન્ડિયા કોન્કલેવ

**TRIFED**એ 27 નવેમ્બર, 2021ના રોજ વિદેશ મંત્રાલયના સહયોગથી નવી દિલ્હીના દિલ્હી હાટ ખાતે ટ્રાઈબ્સ ઈન્ડિયા આદિ મહોત્સવમાં એક 'ટ્રાઈબ ઈન્ડિયા કોન્કલેવ'નું આયોજન કર્યુ હતું.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના નિર્માણ માટે તેમજ સમૃદ્ધ આદિવાસી વારસાને આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકો સમક્ષ રજૂ કરવા માટે ટ્રાઈબ્સ ઈન્ડિયા કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમમાં વિદેશ મંત્રાલય અને અન્ય મંત્રાલયોના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત ભારતમાં 20થી વધુ વિદેશી મિશનના લગભગ 100 રાજદ્વારીઓએ હાજરી આપી હતી.
- આદિ મહોત્સવ એ રાષ્ટ્રીય આદિવાસી ઉત્સવ છે.

### કોન્કલેવમાં ઉપસ્થિત મહાનુભાવો

કોન્કલેવમાં ઉપસ્થિત મહાનુભાવોમાં કિરીબાતી, પોલેન્ડ, મેક્સિકો, દક્ષિણ કોરિયા, લાઓસ, થાઈલેન્ડ, બાંગ્લાદેશ, સ્વિત્ઝર્લેન્ડ, બ્રાઝિલ, માલદીવ અને યુએસ જેવા 20થી વધુ દેશોના રાજદ્વારીનો સમાવેશ થાય છે.

- આ કોન્કલેવમાં સંયુક્ત રાષ્ટ્ર જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓએ પણ ભાગ લીધો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ટ્રાઈબ ઈન્ડિયા કોન્કલેવ

આ કોન્કલેવ દરમિયાન મહાનુભાવોએ ભારતના આદિવાસી કારીગરોના સ્ટોલ પર એક નજર નાખી અને અનન્ય હસ્તકલા અને પરંપપરાઓ વિશે વધુ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

- તેમાં પરંપરાગત વણાટ, જ્વેલરી, પેઈન્ટિંગ્સ અને રમકડા જેવા ઉત્પાદનોનું પ્રદર્શન કરતા 200 સ્ટોલ હતા.
- તેમને આદિવાસી કળા અને હસ્તકલાની ઝલક આપવામાં આવી હતી.
- આ ઉપરાંત કારીગરો દ્વારા લાખની બંગડીઓ, માટીકામ વગેરેનું જીવંત પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.
- આ કોન્કલેવમાં કારીગરોએ લાઈવ કઠપુતળી શો પણ કર્યો હતો.

### GI સ્ટોર

આ કોન્કલેવ દરમિયાન પશ્ચિમ બંગાળની દાર્જિલિંગ ટી, કોટા ડોરિયા ફેબ્રિક, રાજસ્થાનની બ્લુ પોટરી, હિમાચલ પ્રદેશની કાલા જીરા, ઓડિશાનું પટ્ટચિત્ર, વગેરે વસ્તુ GI સ્ટોરમાં પ્રદર્શિત કરવામાં આવી હતી.

નોંધ : **TRIFED**નું પૂરું નામ **'Tribal Cooperative Marketing Development Federation'** છે.

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'કેમિકલ યુદ્ધનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 28 નવેમ્બર (B) 29 નવેમ્બર (C) 30 નવેમ્બર (D) 1 ડિસેમ્બર **(C)**

2. ભારતીય મૂળના કયા વ્યક્તિને Twitterના નવા CEO તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ?

(A) શ્રી પરાગ અગ્રવાલ (B) શ્રી અજીત રસ્તોગી

(C) શ્રી જેનીલ અગ્રવાલ (D) શ્રી સુંદર અગ્રવાલ **(A)**

3. તાજેતરમાં નીતિ આયોગે બહુપરીમાણીય ગરીબી સૂચકાંક (MPI) બહાર પાડયો છે. આ ઈન્ડેક્સ અનુસાર ભારતનું કયું રાજ્ય સૌથી ગરીબીનું પ્રમાણ ધરાવે છે ?

(A) બિહાર (B) આંધ્રપ્રદેશ (C) નાગાલેન્ડ (D) ઝારખંડ **(A)**

4. તાજેતરમાં નીતિ આયોગે 'રાષ્ટ્રીય બહુપરીમાણીય ગરીબી સૂચકાંક' (MPI) બહાર પાડયો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ ઈન્ડેક્સ 2015-16ના માટે નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS)ના આધારે તૈયાર કરવામાં આવ્યો હતો.
2. આ ઈન્ડેક્સ અનુસાર બિહાર રાજ્ય તેની વસતીમાં સૌથી વધુ ગરીબીનું પ્રમાણ ધરાવે છે.
3. આ ઈન્ડેક્સ મુજબ કેરળ રાજ્યમાં તેની વસતીમાં સૌથી નીચું ગરીબી સ્તર નોંધાયું છે.
4. આ ઈન્ડેક્સ અનુસાર મધ્યપ્રદેશમાં સૌથી વધુ કુપોષિત લોકો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(C)**

5. તાજેતરમાં TRIFEDએ કયા મંત્રાલયના સહયોગથી 'ટ્રાઈબ ઈન્ડિયા કોન્કલેવ'નું આયોજન કર્યુ હતું ?

(A) કાપડ મંત્રાલય (B) રેલવે મંત્રાલય (C) નાણાં મંત્રાલય (D) વિદેશ મંત્રાલય **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 1 ડિસેમ્બર, વિશ્વ એઈડ્સ દિવસ

એઈડ્સ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 ડિસેમ્બરના રોજ 'વિશ્વ એઈડ્સ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણીનો પ્રારંભ **1988**થી થયો હતો.
- વિશ્વ એઈડ્સ દિવસનો સિમ્બોલ 'રેડ રિબિન' છે.
- લાલ રિબિન HIV પોઝિટીવ તથા એઈડ્સ ધરાવતા લોકો સાથે એકતા માટેનું વૈશ્વિક પ્રતિક છે.
- AIDSનું પૂરું નામ **'Acquired Immune Deficiency Syndrome'** છે.
- આ રોગ HIVનો ચેપ લાગવાથી થાય છે.
- HIVનું પૂરું નામ **'Human Immunodefficiency Virus'** છે.
- વર્ષ **2021**ની 'વિશ્વ એઈડ્સ દિવસ'ની થીમ **'End Inequalities.End AIDS'** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બાર્બાડોસ : વિશ્વનું સૌથી નવું પ્રજાસત્તાક

તાજેતરમાં બાર્બાડોસે રાણી એલિઝાબેથ IIને તેના રાષ્ટ્રના પ્રમુખ પદેથી સત્તાવાર રીતે દૂર કર્યા છે.

- આ સાથે બાર્બાડોસ બ્રિટિશ વસાહત બન્યાના લગભગ 400 વર્ષ પછી વિશ્વનું નવું પ્રજાસત્તાક બન્યું છે.
- જોકે બાર્બાડોસ **54 કોમનવેલ્થ** દેશોમાંથી એક રહેશે.

### બાર્બાડોસ (Bardbados)

**સ્થાન :** તે દક્ષિણપૂર્વીય કેરેબિયન સમુદ્રમાં એક નાનો ટાપુ દેશ છે.

**પડોશી દેશ :** તેના પડોશીઓમાં ઉત્તરમાં સેન્ટ લુસિયા, પશ્ચિમમાં સેન્ટ વિન્સેટ અને ગ્રેનેડાઈન્સ તથા દક્ષિણમાં ત્રિનિદાદ અને ટોબેગોનો સમાવેશ થાય છે.

**સ્વતંત્રતા :** 30 નવેમ્બર, 1966

**રાજધાની :** બ્રિજટાઉન (Bridgetown)

**નેતૃત્વ :** (1) શ્રી સેન્ડ્રા પ્રુનેલા મેસન બાર્બાડોસના વર્તમાન રાષ્ટ્રપતિ છે.

(2) શ્રી મિયા અમોર મોટલી બાર્બાડોસના વર્તમાન વડાપ્રધાન છે.

**કેરેબિયન કોમ્યુનિટીનો ભાગ :**

બાર્બાડોસ કેરેબિયન કોમ્યુનિટી (CARICOM)નો એક ભાગ છે, જેની રચના 1973માં થઈ હતી.

**ઈતિહાસ :** બાર્બાડોસ સૌપ્રથમ વર્ષ **1625**માં બ્રિટિશ વસાહત બન્યું હતું.

તે **400** કરતા વધુ વર્ષોથી બ્રિટિશ સામ્રાજ્યનો એક ભાગ હતો, જેમાં બ્રિટિશ વ્યાપારવાદ અને સંસ્થાનવાદ દ્વારા સદીઓથી પ્રમોટ કરવામાં આવતી વેપાર, વાણિજ્ય અને શોષણ જેવી પ્રવૃત્તિઓ હતી.

કેરેબિયન ઈતિહાસ કેટલીક સૌથી સંસ્થાકીય અને અદૃશ્ય ભયાનકતા (ગુલામી, બંધાયેલ શ્રમ, લોકશાહીનો અભાવ)નું ઘર હતું.

## કોમનવેલ્થ

તે એ દેશોની એક આંતરરાષ્ટ્રીય આંતર–સરકારી સંસ્થા છે જે મોટાભાગે બ્રિટિશ સામ્રાજ્ય અને તેના આશ્રિત પ્રદેશો હતા.

- તેની સ્થાપના વર્ષ **1949**માં લંડન ઘોષણા દ્વારા કરવામાં આવી હતી.
- રાણી એલિઝાબેથ દ્વિતીય કોમનવેલ્થના વડા છે.
- હાલમાં તેના સભ્યો તરીકે **54** દેશો છે.
- આ સભ્યપદ સ્વતંત્ર અને સમાન સ્વૈચ્છિક સહકાર પર આધારિત છે.
- વર્ષ **2009**માં કોમનવેલ્થમાં સમાવેશ થનાર દેશ રવાન્ડા હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મણિપુરમાં વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ બનાવવામાં આવશે



મણિપુરમાં ટૂંક સમયમાં વિશ્વનો સૌથી ઊંચો રેલ બ્રિજ પિયર (થાંભલો) બનાવવામાં આવશે.

- મણિપુરની નોની ઘાટી (Nouney Vallay)માં ભારતીય રેલવે દ્વારા આ પુલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
- આ પુલની ઊંચાઈ **141** મીટર છે.
- તે મહત્વાકાંક્ષી **111 કિમી** લાંબી જીરીબામ–ઈમ્ફાલ રેલવે લાઈનનો એક ભાગ છે.
- મણિપુરની રાજધાનીને દેશના બ્રોડગેજ નેટવર્ક સાથે જોડવાના ઉદ્દેશ્ય સાથે તેનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
- આ પુલ **139 મીટર**ની ઊંચાઈના માલા–રિજેકા વાયડક્ટનો રેકોર્ડ તોડશે. તે યુરોપના મોન્ટેનેગ્રોમાં સ્થિત છે.
- આ પુલ **ડિસેમ્બર 2023** સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.
- **111 કિ.મી.** લાંબા પ્રોજેક્ટમાં **61%** ટનલનો સમાવેશ થાય છે.

1. વિશ્વ એઈડ્સ દિવસ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 31 ડિસેમ્બર (B) 30 ડિસેમ્બર (C) 1 ડિસેમ્બર (D) 30 નવેમ્બર — (C)

2. વર્ષ 2021ના 'વિશ્વ એઈડ્સ દિવસ'ની થીમ શું છે ?

(A) Communities make the difference (B) My, Health, My Right

(C) End ineqalities. End AIDS (D) Know your Status — (C)

3. તાજેતરમાં કયું રાષ્ટ્ર વિશ્વનું સૌથી નવું પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું છે ?

(A) અલ્બેનિયા (B) આર્મેનિયા (C) બેનિન (D) બાર્બાડોસ — (D)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. બાર્બાડોસની રાજધાનીનું નામ જણાવો ?

(A) બ્રિજટાઉન (B) વિયેના (C) નાસાઉ (D) બ્રસેલ્સ — (A)

5. તાજેતરમાં નવુ પ્રજાસત્તાક બનનાર રાષ્ટ્ર બાર્બાડોસના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?

(A) શ્રી સેન્ડ્રા પ્રુનેલા (B) શ્રી જોઆઓ લેરેન્કો (C) શ્રી ઈદ્રિસ ડેબી (D) શ્રી અદામો બેકાલે — (A)

6. ભારતના કયા રાજ્યમાં વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ બનાવવામાં આવે છે ?

(A) મેઘાલય (B) નાગાલેન્ડ (C) મણિપુર (D) ઉત્તરાખંડ — (C)

## દિવસ મહિમા : 2 ડિસેમ્બર, (1) રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન
(2) ગુલામી નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ
(3) વિશ્વ કમ્પ્યુટર સાક્ષરતા દિવસ

### રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન

ભારતમાં દર વર્ષે 2 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં ભોપાલ ગેસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં મધ્યપ્રદેશના ભોપાલમાં 2 અને 3 ડિસેમ્બર, 1984ના રોજ થયેલી ગેસ દુર્ઘટનામાં હજારો લોકોના મૃત્યુ થયા હતા.
- ભોપાલની યૂનિયન કાર્બાઈડ (યુનિયન કાર્બાઈડ ઈન્ડિયા લિમિટેડ–UCIL) નામની જંતુનાશક દવાઓ બનાવતી કંપનીઓમાંથી મિથાઈલ આઈસોસાઈનેટ (MIC) નામનું ઝેરી રસાયણ લીક થવાથી આ દુર્ઘટના ઘટી હતી.
- આ દુર્ઘટનાને વિશ્વના ઈતિહાસની સૌથી મોટી ઔદ્યોગિક આપત્તિ માનવામાં આવે છે.
- આથી, ભારતમાં ઔદ્યોગિક આપત્તિના વ્યવસ્થાપન અને નિયંત્રણ તથા પ્રદૂષણ અંગે લોક જાગૃતિ કેળવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

## ચારધામ દેવસ્થાનમ મેનેજમેન્ટ એક્ટ : ઉત્તરાખંડ

ઉત્તરાખંડ સરકારે તાજેતરમાં 'ચારધામ દેવસ્થાનમ મેનેજમેન્ટ એક્ટ' પાછો ખેંચવાની જાહેરાત કરી છે.

- આ નિર્ણય બાદ 'ઉત્તરાખંડ ચારધામ દેવસ્થાનમ મેનેજમેન્ટ બોર્ડ'નો અંત આવશે.
- ડિસેમ્બર, 2019માં ઉત્તરાખંડ સરકારે રાજ્ય વિધાનસભામાં 'ઉત્તરાખંડ ચારધામ શ્રાઈન મેનેજમેન્ટ બિલ' રજૂ કર્યું હતું.
- તે જાન્યુઆરી, 2020માં એક અધિનિયમ બની ગયો હતો.
- આ અધિનિયમ હેઠળ 'ઉત્તરાખંડ ચારધામ દેવસ્થાનમ બોર્ડ'ની રચના કરવામાં આવી હતી.
- આ બોર્ડ હેઠળ કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી ચારધામ અને અન્ય 53 જેટલા મંદિર તેના અંતર્ગત લાવ્યા હતા.
- મુખ્યમંત્રી આ બોર્ડના અધ્યક્ષ અને ધાર્મિક બાબતોના મંત્રી આ બોર્ડના ઉપાધ્યક્ષ હતા.
- આ બોર્ડ મંદિરોના સંચાલન માટે જવાબદાર હતું. તેની પાસે નીતિઓ ઘડવાની, ખર્ચ મંજૂર કરવાની અને બજેટ તૈયાર કરવાની સત્તા હતી.
- આ બોર્ડને આપવામાં આવેલી વિવિધ સત્તાઓને કારણે આ મંદિરો સાથે જોડાયેલા વિવિધ સમુદાયો દ્વારા આ બોર્ડનો વિરોધ કરવામાં આવી રહ્યો હતો જેના કારણે સરકારે તેને નાબૂદ કરવાનો નિર્ણય કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત G20 'ટ્રોઈકા'માં જોડાયું

તાજેતરમાં ભારત G20 ટ્રોઈકામાં જોડાયું છે અને તેની સાથે ભારતે આગામી વર્ષ માટે G20નું પ્રમુખ પદ સંભાળવાની પ્રક્રિયા શરૂ કરી છે.

### ટ્રોઈકા વિશે

ટ્રોઈકા એટલે કે ત્રણ લોકોનું જૂથ એક સાથે કામ કરે છે. આ એક અંગ્રેજી શબ્દ છે.

- G20ની ટ્રોઈકા વર્તમાન, ભૂતકાળ અને આગામી અધ્યક્ષ દેશોની બનેલી છે.
- આ અંતર્ગત વર્તમાન ટ્રોઈકામાં ઈન્ડોનેશિયા, ઈટાલી અને ભારતનો સમાવેશ થાય છે.
- ટ્રોઈકા સભ્યના રૂપમાં ભારત G20 એજન્ડા ચાલુ રાખવા માટે ઈટાલી અને ઈન્ડોનેશિયા સાથે મળીને કામ કરશે.
- ભારત 1 ડિસેમ્બર 2022ના રોજ ઈન્ડોનેશિયામાંથી G20નું અધ્યક્ષપદ ગ્રહણ કરશે અને વર્ષ 2023માં G20 નેતાઓની સમિટ ભારતમાં પ્રથમ વખત યોજાશે.

### G20માં ટ્રોઈકાની શું જરૂર હોય છે ?

G20 કાયમી સ્ટાફ અથવા સચિવાલય વિના કાર્ય કરે છે.

- વર્તમાન અધ્યક્ષ અસ્થાયી રૂપે સચિવાલયની સ્થાપના કરે છે.
- આ સચિવાલય બેઠકોનું આયોજન કરે છે અને જૂથની કામગીરીનું સંકલન કરે છે.
- આમ, સચિવાલયને મદદ કરવા માટે ટ્રોઈકાની જરૂર છે જેથી G20ના કામમાં સાતત્ય રહે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### G-20 Summitનું આયોજન

| ક્રમ | તારીખ- વર્ષ | યજમાન દેશ | યજમાન શહેર |
|---|---|---|---|
| 1st | 14-15 નવેમ્બર, 2008 | અમેરિકા | વોશિંગ્ટન ડી.સી |
| 2nd | 2 એપ્રિલ, 2009 | યુનાઈટેડ કિંગ્ડમ | લંડન |
| 14th | 28-29 જૂન, 2019 | જાપાન | ઓસાકા |
| 15th | 21-22 નવેમ્બર, 2020 | સાઉદી અરેબિયા | રિયાધ |
| 16th | 30-31 ઓક્ટોબર, 2021 | ઈટાલી | રોમ |
| 17th | 2022 | ઈન્ડોનેશિયા | બાલી |
| 18th | 2023 | ભારત | નવી દિલ્હી |

નોંધ : (1) વર્ષ 2018માં આર્જેન્ટિનામાં યોજાયેલી 13મી G-20ના સમાપન પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2022ની G-20 સમિટ ભારતમાં યોજવાની જાહેરાત કરી હતી.

(2) ત્યારબાદ વર્ષ 2020માં નક્કી કર્યુ હતું કે ભારત 2022ને બદલે 2023ની G-20 સમિટનું આયોજન કરશે.

(3) જ્યારે વર્ષ 2022ની અધ્યક્ષતા હવે ઈન્ડોનેશિયા કરશે.

## G-20

G-20ને 'Group of Twenty'તરીકે પણ ઓળખવામાં આવે છે.

- G-20 ભારત સહિત વિશ્વના 19 શક્તિશાળી દેશો અને યુરોપિયન યુનિયનનો સમૂહ છે.
- આ સંગઠનના 20 સભ્યોમાં યુરોપિયન યુનિયન ઉપરાંત ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- ચીન સિવાય ભારતનો એકપણ પાડોશી દેશ G-20 સમૂહનો સભ્ય નથી.
- સમગ્ર વિશ્વના કુલ GDPમાં આ સમૂહ 90 ટકા, વિશ્વ વ્યાપારમાં 75 થી 80 ટકા, વિશ્વની કુલ વસતીમાં બે તૃતીયાંશ અને વિશ્વના જમીન વિસ્તારમાં અંદાજે અડધો હિસ્સો આ સમૂહ ધરાવે છે.
- G-20 સમૂહની સ્થાપના 26 સપ્ટેમ્બર, 1999ના રોજ થઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સુશ્રી અંજુ બોબી જ્યોર્જે 'વર્લ્ડ એથ્લેટિક્સ' તરફથી વુમન ઓફ ધ યર એવોર્ડ જીત્યો



ભારતીય એથ્લેટ સુશ્રી અંજુ બોબી જ્યોર્જે વર્લ્ડ એથ્લેટિક્સ તરફથી 'વુમન ઓફ ધ યર' (Woman of the year Award) જીત્યો છે.

- તેમણે યુવા છોકરીઓને રમતગમત માટે તૈયાર કરવા માટે આ પુરસ્કાર જીત્યો છે.

### સુશ્રી અંજુ બોબી જ્યોર્જ

તેમનો જન્મ કેરળના કોટ્ટાયમના ચિરનચિરા ગામમાં થયો હતો. તેણે પોતાની કારકિર્દીની શરૂઆત હેપ્ટાથલોનથી કરી હતી.

- તેઓ વર્ષ 2005 IAAF વર્લ્ડ એથ્લેટિક્સ ફાઈનલમાં ગોલ્ડ મેડલ વિજેતા છે.
- પેરિસમાં આયોજિત 2013 વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં લાંબી કૂદમાં બ્રોન્ઝ મેડલ જીતનારા પ્રથમ ભારતીય એથ્લેટ હતા.
- વર્ષ 2002માં અર્જુન એવોર્ડ, વર્ષ 2004માં પદ્મશ્રી અને વર્ષ 2003માં ખેલ રત્નથી તેમને નવાજવામાં આવ્યા હતા.

1. ભારતમાં રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર
(C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર (B)

2. ભારતમાં કઈ ઘટનાની યાદમાં દર વર્ષે 2 ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિનની ઉજવણી કરવામાં આવે છે ?

(A) પતરાલુ પરમાણુ દુર્ઘટના (B) આસામ ગેસ દુર્ઘટના
(C) સુએજ પરમાણુ દુર્ઘટના (D) ભોપાલ ગેસ દુર્ઘટના (D)

3. ભારતમાં ભોપાલ ગેસ દુર્ઘટના કયારે ઘટી હતી ?

(A) 2-3 ડિસેમ્બર, 1983 (B) 2-3 ડિસેમ્બર, 1984
(C) 2-3 ડિસેમ્બર, 1981 (D) 2-3 ડિસેમ્બર, 1986 (B)

4. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'ગુલામી નાબૂદીના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર (B)

5. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'ચારધામ દેવસ્થાનમ મેનેજમેન્ટ એક્ટ' પાછો ખેંચવાની જાહેરાત કરી છે ?

(A) હિમાચલ પ્રદેશ (B) હરિયાણા (C) ઉત્તરપ્રદેશ (D) ઉત્તરાખંડ (D)

6. ભારત કયા વર્ષે G20ની અધ્યક્ષતા કરશે ?

(A) 2023 (B) 2025 (C) 2027 (D) 2029 (A)

7. તાજેતરમાં કોણે વર્લ્ડ એથ્લેટિક્સ તરફથી 'વુમન ઓફ ધ યર' એવોર્ડ જીત્યો છે ?

(A) સુશ્રી અંજુ બોબી જ્યોર્જ (B) સુશ્રી દીપિકા કુમારી
(C) સુશ્રી દુતિ ચંદ (D) સુશ્રી ગીતા ફોગટ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 3 ડિસેમ્બર, વિશ્વ વિકલાંગ દિવસ (International Day of Persons with disabilities)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 3 ડિસેમ્બરના રોજ 'વિશ્વ વિકલાંગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ શારીરિક તથા માનસિક રીતે અક્ષમ વ્યક્તિઓ પ્રત્યેના સમાજના વલણમાં બદલાવ લાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા **1992**થી આ દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.
- વર્ષ 2021ની વિશ્વ વિકલાંગ દિવસની થીમ **'Leadership and participation of persons with disabilities toward an inclusive, accessible and sustainable post-Covid-19 word'** છે.

## શ્રીમતી ગીતા ગોપીનાથ IMFના પ્રથમ ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર બન્યા




તાજેતરમાં શ્રીમતી ગીતા ગોપીનાથ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ના પ્રથમ ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર બન્યા છે.

- IMFમાં ટોચની ભૂમિકા નિભાવનાર તે પ્રથમ ભારતીય છે.
- **IMF**માં મેનેજિંગ ડિરેક્ટર પછી ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર બીજી ટોચની પોસ્ટ છે.
- શ્રીમતી ગીતા ગોપીનાથને આ અગાઉ **IMF**ના મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

### શ્રીમતી ગીતા ગોપીનાથ

શ્રીમતી ગીતા ગોપીનાથ અમેરિકાના નાગરિક છે અને તેમનો જન્મ ભારતમાં કોલકાતામાં થયો હતો.

- તેમના માતા પિતાનું વર્તમાન નિવાસ સ્થાન કર્ણાટકના મૈસુર ખાતે છે.
- શ્રીમતી ગીતા ગોપીનાથ અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર છે.
- આ ઉપરાંત વર્ષ 2016માં કેરળના મુખ્યમંત્રી શ્રી પિનારયી વિજયનના આર્થિક સલાહકાર તરીકે પણ તેમની નિમણૂક કરવામાં આવી હતી. તેઓ IMFના 11માં મુખ્ય અર્થશાસ્ત્રી હતા.

### IMF

**IMF**નું પૂરું નામ 'ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ' છે.

- તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.
- સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ચૂકવણી પધ્ધતિઓમાં આવતી મૂશ્કેલીઓ દૂર કરવામાં તથા આંતરરષ્ટ્રીય નાણાકીય કટોકટીના સંતુલનમાં તેની મુખ્ય ભૂમિકા છે. તેમના કાર્યો આ મુજબ છે :

(1) સમગ્ર વિશ્વમાં નાણાંકીય સ્થિરતા સુરક્ષિત રાખવી
(2) આંતરરાષ્ટ્રીય વ્યાપાર સરળ બનાવવો
(3) ઉચ્ચ રોજગાર અને ટકાઉ આર્થિક વૃધ્ધિને પ્રોત્સાહન આપવું
(4) સમગ્ર વિશ્વમાં ગરીબી ઘટાડવી –વગેરેનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી લિયોનેલ મેસ્સીએ સાતમી વખત 'બેલોન ડી ઓર' એવોર્ડ જીત્યો

આર્જેન્ટિનાના મહાન ફૂટબોલર શ્રી લિયોનલ મેસ્સીએ સાતમી વખત 'બેલોન ડી ઓર એવોર્ડ' જીતીને ઈતિહાસ સર્જ્યો છે.

- જ્યારે વિમેન્સ કેટેગરીમાં આ એવોર્ડ સ્પેનના સુશ્રી એલેકિસયા પુતેલાસે જીત્યો હતો.
- બાયર્ન મ્યુનિકના રોબર્ટ લેવાન્ડોસ્કીએ સ્ટ્રાઈકર ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો હતો.
- જ્યારે ઈટાલીના ગોલકીપર શ્રી ગિયાનલુઈગી ડોનરૂમાએ બેસ્ટ ગોલકીપરનો એવોર્ડ જીત્યો હતો.

નોંધ : શ્રી લિયોનેલ મેસ્સીએ આ એવોર્ડ સાતમી વખત જીત્યો છે જ્યારે શ્રી ક્રિસ્ટયાનો રોનાલ્ડોએ આ એવોર્ડ પાંચ વખત જીત્યો છે.




ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** ‘વિશ્વ વિકલાંગ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

**(A)** 1 ડિસેમ્બર **(B)** 2 ડિસેમ્બર **(C)** 3 ડિસેમ્બર **(D)** 4 ડિસેમ્બર **(C)**

---

**2.** વર્ષ 2021ના ‘વિશ્વ વિકલાંગ દિવસ’ની થીમ શું છે ?

**(A)** Promoting the participation of Persons with Disabilities and their leadership

**(B)** Bulding back beter : towards an inclusive, accessible and sustainable post Covid-19 world by, for and with persons with disabilities.

**(C)** Leadership and participation of persons with disabilities toward an inclusive, accessible and sustainable post-Covid-19 word.

**(D)** ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(C)**

---

**3.** તાજેતરમાં IMFના પ્રથમ ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

**(A)** શ્રીમતી ગીતા ગોપીનાથ **(B)** શ્રીમતી અર્ચના વૈશ્નવી

**(C)** શ્રી રઘુરામ રાજન **(D)** શ્રી નીલપિત મોહનરામ **(A)**

---

**4.** તાજેતરમાં શ્રી લિયોનેલ મેસ્સીએ કેટલામી વખત ‘બેલોન ડી ઓર’ એવોર્ડ જીત્યો છે ?

**(A)** ચોથી **(B)** પાંચમી **(C)** છઠ્ઠી **(D)** સાતમી **(D)**

---

**5.** વિમેન્સ કેટેગરીમાં ‘બેલોન ડી ઓર’ એવોર્ડ જીતનાર સુશ્રી એલેક્સિયા પુતેલાસ કયા દેશના ખેલાડી છે ?

**(A)** આર્જેન્ટિના **(B)** ઉરૂગ્વે **(C)** સ્પેન **(D)** ઓસ્ટ્રેલિયા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 4 ડિસેમ્બર, રાષ્ટ્રીય નૌસેના દિવસ

ભારતમાં નૌકાદળની સિદ્ધિઓની યાદમાં દર વર્ષે 4 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય નૌસેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ દરમિયાન 4 ડિસેમ્બર, 1971ના રોજ ભારતીય નૌકાદળની મિસાઈલ બોટ દ્વારા પાકિસ્તાનના કરાચી બંદર પર કરવામાં આવેલા શક્તિશાળી હુમલાની યાદમાં તથા આ યુદ્ધના તમામ શહીદોના માનમાં ભારતમાં 4 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય નૌસેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2021ના રાષ્ટ્રીય નૌસેના દિવસની થીમ 'Combat Ready, Credible and Cohesive' છે.

નોંધ : (1) ભારતમાં અંગ્રેજો દ્વારા 1612માં ભારતીય નૌસેનાની સ્થાપના કરવામાં આવી હતી.

(2) ભારતમાં જહાજ બાંધવાનો ઉદ્યોગ પોર્ટુગીઝોએ વિકસાવ્યો હતો.

(3) ભારતમાં 17મી સદીમાં થઈ ગયેલા મરાઠા સમ્રાટ છત્રપતિ શિવાજી મહારાજ 'ભારતીય નૌસેનાના પિતા' ગણાય છે.

(3) ભારતમાં તલવાર નામક જહાજ પરથી 1946માં અંગ્રેજો વિરુદ્ધ 'નૌસેના વિદ્રોહ' થયો હતો. જે સરદાર વલ્લભભાઈ પટેલની મધ્યસ્થીથી શાંત થયો હતો.

## ગ્રેટર ટીપરાલેન્ડ : ત્રિપુરા

ગ્રેટર ટીપરાલેન્ડ એ ત્રિપુરા રાજ્યનો એક પ્રદેશ છે.

- ઘણા આદિવાસી સંગઠનો આ પ્રદેશને અલગ રાજ્ય બનાવવાની માંગ કરી રહ્યા છે.
- ટિપરા (TIPRA) મોથા અને IPFT (ઈન્ડીજીનસ પીપલ્સ ફ્રન્ટ ઓફ ત્રિપુરા) એ અલગ રાજ્ય માટે એક રાજકીય પક્ષની રચના કરી છે.

### ગ્રેટર ટીપરાલેન્ડ મામલો શું છે ?

પક્ષો ઉત્તર–પૂર્વીય રાજ્યના સ્થાનિક સમુદાયો માટે 'ગ્રેટર ટીપરાલેન્ડ'ના રૂપમાં અલગ રાજ્યની માંગ કરી રહ્યા છે.

- તેઓ ઈચ્છે છે કે કેન્દ્ર બંધારણની કલમ 2 અને 3 હેઠળ અલગ રાજ્ય બનાવે.
- ત્રિપુરામાં 19 સૂચિત અનુસૂચિત જનજાતિ છે. તેમાંથી ત્રિપુરા (ટિપ્રા અને ટિપ્રાસ) સૌથી મોટી છે.
- વર્ષ 2011ની વસતી ગણતરી મુજબ રાજ્યમાં ઓછામાં ઓછા 5.92 લાખ ત્રિપુરીઓ છે.

## ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

ત્રિપુરા 13મી સદીના અંતથી 1949માં ભારત સરકાર સાથે તેના વિલિનીકરણ પર હસ્તાક્ષર થયા ત્યાં સુધી મણિક્ય વંશ દ્વારા શાસિત રાજ્ય હતું.

- આ માંગ રાજ્યના વસતી વિષયક ફેરફારોના સંદર્ભમાં સ્વદેશી સમુદાયોની ચિંતામાંથી ઉદ્દભવે છે જેણે તેમને લઘુમતી બનાવ્યા છે.
- 1947 અને 1971 વચ્ચે પૂર્વ પાકિસ્તાનમાંથી બંગાળીઓના વિસ્થાપનના કારણે આવું બન્યું હતું.
- ત્રિપુરામાં આદિવાસી વસતી 1881માં 63.77% હતી જે ઘટીને 2011 સુધીમાં 31.80% થઈ ગઈ છે.



1. ભારતમાં દર વર્ષે કયો દિવસ 'રાષ્ટ્રીય નૌસેના દિન' તરીકે ઉજવાય છે ?

(A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર (D)

2. 4 ડિસેમ્બર, 1971ના રોજ ભારતીય નૌકાદળ દ્વારા પાકિસ્તાનના કયા બંદર પર કરવામાં આવેલા શક્તિશાળી હુમલાની યાદમાં ભારતમાં દર વર્ષે 4 ડિસેમ્બરના રોજ નૌસેના દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) ગ્વાદર (B) મુલતાન (C) કરાચી (D) એકપણ નહીં (C)

3. ભારતમાં 'ભારતીય નૌસેનાના પિતા' તરીકે કોણ ઓળખાય છે ?

(A) લોર્ડ કોર્ન વોલિસ (B) લોર્ડ વિલિયમ બેન્ટિક

(C) શ્રી ટીપુ સુલતાન (D) છત્રપતિ શિવાજી મહારાજ (D)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ ગ્રેટર ટીપરાલેન્ડ કયા રાજ્યનો એક ભાગ છે ?

(A) આસામ (B) ત્રિપુરા (C) અરૂણાચલ પ્રદેશ (D) સિક્કિમ (B)

5. ગ્રેટર ટીપરાલેન્ડ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે ત્રિપુરા રાજ્યનો એક પ્રદેશ છે.

(B) આ પ્રદેશને આદિવાસી સંગઠનો અલગ રાજ્ય બનાવવાની માંગ કરી રહ્યા છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે RTI પોર્ટલનો શુભારંભ કરાવ્યો**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુડ ગવર્નન્સના કોન્સેપ્ટને સાકાર કરતા નાગરિકોને અધિકાર–અન્વયે વધુ સક્ષમ બનાવવા RTI અરજીઓ અને સમગ્ર સેવાઓ ઓનલાઈન પૂરી પાડતા પોર્ટલનું ગાંધીનગરમાં લોન્ચિંગ કર્યુ હતું. આ પોર્ટલ રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના વહીવટી સુધારણા તાલીમ વિભાગ અને સાયન્સ ટેક્નોલોજી વિભાગના GILના પરામર્શ–સહયોગથી કાર્યરત કરાયું છે. પ્રારંભિક તબક્કે રાજ્ય સરકારના વિભાગોમાં એટલે કે સચિવાલયમાં વિભાગીય સ્તરે કાર્યરત કરવામાં આવેલા આ ઓનલાઈન RTI પોર્ટલથી હવે મોટાભાગની માહિતી ઓનલાઈન મેળવી શકાશે. આ ઉપરાંત માહિતી મેળવવાના અધિકારનું સુદ્રઢીકરણ પણ થશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ગાંધીનગર નજીક અમૂલ ફેડ ડેરીના નવનિર્મિત ચાર પ્લાન્ટનું લોકાર્પણ**

તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર નજીક અમૂલ ડેરીના 415 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ થયેલ ચાર અત્યાધુનિક નવા પ્લાન્ટનું લોકાર્પણ કર્યુ હતું. ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે 75 વર્ષ પહેલા 21 ગામોમાં શરૂ કરાવેલી સહકારી દૂધ ઉત્પાદન વેચાણની ચળવળમાં આજે 18000 ગામોના 36 લાખ લોકો જોડાયા છે અને સહકારિકતાનું જનઆંદોલન ગુજરાતે શ્રેષ્ઠતા પૂર્વક પ્રસ્થાપિત કર્યુ છે. આ લોકાર્પણ પ્રસંગે દૂધ ઉત્પાદન ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર પ્રગતિશીલ ખેડૂતોને શ્રી અમિતભાઈ શાહ અને ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યા હતા.

➤ **ગુજરાત ડ્રોન મહોત્સવ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે આયોજિત ગુજરાત ડ્રોન મહોત્સવનું લોકાર્પણ કર્યુ હતું. ગુજરાત ડ્રોન મહોત્સવમાં કંપનીઓ વિદ્યાર્થીઓ અને ઉદ્યોગ સાહસિકો દ્વારા ડ્રોન ટેક્નોલોજી અને તેના ઉપયોગનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ ડ્રોન મહોત્સવના આયોજનમાં ગુજરાત સરકાર ઉપરાંત રાજ્યની વિવિધ ડ્રોન કંપનીઓ, ભારત સરકારનું ઉડ્ડયન મંત્રાલય, ડ્રોન ફેડરેશન ઓફ ઈન્ડિયા, ગુજરાત યુનિવર્સિટી અને IDSR જેવી સંસ્થાઓ સહભાગી થઈ હતી.

## ભારત

➤ **સર છોટુરામ**

24 નવેમ્બર, 2021ના રોજ સમગ્ર દેશમાં સર છોટુ રામની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ભારતના સ્વતંત્રતા સેનાની અને રાજનેતા સર છોટુ રામનો જન્મ 24 નવેમ્બર, 1881ના રોજ હરિયાણાના રોહતક જિલ્લામાં થયો હતો. સર છોટુરામનું મૂળનામ શ્રી રાય રિચપાલ હતું. સર છોટુરામ સેન્ટ સ્ટીફન્સ કોલેજ દિલ્હીના વિદ્યાર્થી હતા. વર્ષ 1912માં વકીલ તરીકે કામ શરૂ કર્યા પછી તેઓ વર્ષ 1916માં કોંગ્રેસમાં જોડાયા હતા અને વર્ષ 1916થી 1920 સુધી રોહતક જિલ્લા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ રહ્યા હતા. તેઓ ખેડૂતોને ખેતી પર ખર્ચ માટે વળતર આપવાની વિભાવનાના (અવધારણા)ના જનક પણ હતા, આ ખ્યાલ પાછળથી 'લઘુતમ ટેકાના ભાવમા' વિકસિત થયો છે.

➤ **'Call Your Cop' મોબાઈલ એપ : નાગાલેન્ડ**

નાગાલેન્ડ પોલીસે સત્તાવર રીતે 29 નવેમ્બર, 2021ના રોજ 'કોલ યોર કોપ' મોબાઈલ એપ લોન્ચ કરી હતી. આ એપ કોહિમા હેડક્વાર્ટર ખાતે લોન્ચ કરવામાં આવી હતી. આ એપ સંકટગ્રસ્ત લોકો સહિત રાજ્યના તમામ નાગરિકોને પોલીસનો સંપર્ક કરવામાં સક્ષમ બનાવશે. આ પહેલ સમગ્ર દેશમાં પોલીસ વિભાગના સંપૂર્ણ આધુનિકીકરણને અનુરૂપ છે આ એપની મહત્ત્વની વિશેષતાઓમાં એલર્ટ, ડિરેક્ટરી, SOS ટૂરિસ્ટ ટિપ્સ, નજીકનું પોલીસ સ્ટેશન અને સર્ચનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **સ્કવોશ સ્ટાર શ્રી સૌરવ ઘોષાલ મલેશિયન ઓપન જીતનાર પ્રથમ ભારતીય બન્યા**

ભારતીય સ્કવોશ સ્ટાર શ્રી સૌરવ ઘોષાલે મલેશિયન ઓપન ચેમ્પિયનશીપ 2021નો ખિતાબ જીત્યો છે. આ સાથે તેઓ મલેશિયન ઓપન જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે. તેમણે છેલ્લે વર્ષ 2018માં કોલકાતા આંતરરાષ્ટ્રીય ઓપન ટાઈટલ જીત્યું હતું. શ્રી સૌરવ ઘોષાલ ભારતના સ્કવોશ ખેલાડી છે.

➤ **શિલોંગનો પ્રખ્યાત ચેરી બ્લોસમ ફેસ્ટિવલ**

શિલોંગનો પ્રખ્યાત ચેરી બ્લોસમ ફેસ્ટિવલ 2021 મેઘાલયમાં 25થી 27 નવેમ્બર, 2021 દરમિયાન યોજાયો હતો. ચેરી બ્લોસમ વાર્ષિક ત્રણ દિવસીય તહેવાર છે. ભારતમાં જાપાનના રાજદૂત શ્રી સતોશી સુઝુકી દ્વારા તેનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મેઘાલયમાં બે સ્થળોએ વોર્ડસ લેક અને પોલો ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો. આ તહેવાર ચેરી બ્લોસમ ફૂલોના વાસ્તવિક મોર સાથે એકરૂપ છે.

➤ **ભારત-ITU સંયુક્ત સાયબર ડ્રિલ 2021**

સંચાર મંત્રાલય અને દૂરસંચાર વિભાગ હેઠળ કાર્યરત ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન (ITU) એ સંયુક્ત સાયબર ડ્રિલ 2021 હાથ ધરી હતી. ભારતના નિર્ણાયક નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓપરેટરો માટે આ સાયબર કવાયત હાથ ધરવામાં આવી હતી. નિર્ણાયક નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ તે સિસ્ટમ, સંપત્તિઓ અને નેટવર્ક છે જે દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે. તેનો હેતુ ભારતની સાયબર સુરક્ષા સજ્જતાને સુધારવાનો છે. ઉપરાંત તેનો ઉદ્દેશ દેશની સુરક્ષા અને ઘટના પ્રતિસાદ ક્ષમતામાં સુધારો કરવાનો છે. સાયબર ડ્રિલ દરમિયાન સાયબર હુમલા અને માહિતી સુરક્ષાની ઘટનાઓનું અનુકરણ કરવામાં આવ્યું હતું અને સહભાગીઓને આવી ઘટનાઓ ટાળવા અને પ્રતિક્રિયા આપવા માટે તાલીમ આપવામાં આવી હતી.

➤ **નમદા ક્રાફ્ટ**

સરકારે તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરમાં પરંપરાગત 'નમદા હસ્તકલા'ને પુનર્જીવિત કરવા અને પ્રોત્સાહન આપવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જેનો ઉદ્દેશ્ય રાજ્યની 'કાર્પેટ' નિકાસને રૂ. 600 કરોડથી વધારીને 6000 કરોડ કરવાનો છે નમદા પ્રોજેક્ટ શ્રીનગર, બારામુલ્લા, ગાંદરબલ, બાંદીપોરા, બડગામ અને અનંતનાગ સહિત કાશ્મીરના છ જિલ્લાઓમાં 30 નમદા કલ્સ્ટરોના 2250 લોકોને લાભ આપશે. નમદા એ સામાન્ય વણાટની પ્રક્રિયાને બદલે ફેલ્ટીંગ ટેકનીક દ્વારા ઘેટાંના ઊનમાંથી બનાવેલ રંગ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર**

સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરની પુણ્યતિથિ પર દર વર્ષે 3 ડિસેમ્બરના રોજ ગોવામાં 'સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર' ફિસ્ટનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમ ગોવામાં 'બેસિલિકા ઓફ બોમ જીસસ' ખાતે યોજવામાં આવે છે, જે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર આધુનિક સમયના મહાન રોમન કેથોલિક મિશનરી હતા. જેમણે ભારતમાં ખ્રિસ્તી ધર્મની સ્થાપનામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સેન્ટર ફ્રાન્સિસ ઝેવિયરનો જન્મ 3 ડિસેમ્બર, 1952ના રોજ સ્પેનમાં થયો હતો.

## વિશ્વ

- **SpaceXએ બ્લેકસ્કાય અને સ્ટારલિંક ઉપગ્રહોને લઈ જનાર રોકેટ લોન્ચ કર્યુ**

  SpaceXએ તાજેતરમાં 50 ઉપગ્રહો લોન્ચ કર્યા છે. આ ઉપગ્રહોને સ્ટારલિંક મેગા કોન્સ્ટેલેશનમાં સામેલ કરવામાં આવશે. આ ઉપગ્રહોને ફાલ્કન 9 રોકેટથી લોન્ચ કરવામાં આવ્યા હતા. SpaceXએ બ્લેકસ્કાય ગ્લોબલ નામના 48 સ્ટારલિંક ઉપગ્રહો અને બે પૃથ્વી અવલોકન ઉપગ્રહો લોન્ચ કર્યા છે. બ્લેકસ્કાય ગ્લોબલ એક ઉપગ્રહ નક્ષત્રનું નિર્માણ કરી રહ્યું છે જે પૃથ્વીના કોઈપણ ભાગની ઈમેજ પ્રદાન કરવા સક્ષમ છે તે 60 ઉપગ્રહોનું જુથ છે. આ ઉપગ્રહો ફ્લોરિડાથી લોન્ચ કરવામાં આવ્યા હતા. સ્ટારલિંક નક્ષત્રનો ઉદ્દેશ્ય મોટા પાયે પૃથ્વી પર ઈન્ટરનેટ એક્સેસ પ્રદાન કરવાનો છે.

## ICE ? Questions

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે RTI પોર્ટલનો શુભારંભ કયા સ્થળેથી કરાવ્યો હતો ? – ગાંધીનગર
- તાજેતરમાં ગાંધીનગર નજીક અમૂલ ફેડ ડેરીના નવનિર્મિત ચાર પ્લાન્ટનું લોકાર્પણ કોણે કર્યુ હતું ? – શ્રી અમિતભાઈ શાહ
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના ........... ખાતે આયોજીત ગુજરાત ડ્રોન મહોત્સવનું લોકાર્પણ કર્યુ હતું. – GMDC ગ્રાઉન્ડ
- ............દિવસના રોજ સમગ્ર દેશમાં સર છોટુ રામની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. – 24 નવેમ્બર
- તાજેતરમાં કઈ રાજ્યની પોલીસે સત્તાવાર રીતે 29 નવેમ્બર, 2021ના રોજ 'Call your Cop' મોબાઈલ એપ લોન્ચ કરી હતી ? – નાગાલેન્ડ
- તાજેતરમાં કઈ ભારતીય સ્કોવોશ ખેલાડી મલેશિયન ઓપન જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે ? – શ્રી સૌરવ ઘોષાલ
- તાજેતરમાં મેઘાલયનો..............ચેરી બ્લોસમ ફેસ્ટિવલ યોજાયો હતો. – શિલોંગ
- તાજેતરમાં સંચાર મંત્રાલય અને દૂર સંચાર વિભાગ હેઠળ કાર્યરત ITUએ સંયુક્ત સાયબર ડ્રિલ 2021 કવાયત હાથ ધરી હતી. ITUનું પૂરું નામ જણાવો ? – ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન
- સરકારે તાજેતરમાં .........માં પરંપરાગત 'નમદા હસ્તકલા'ને પુનર્જીવિત કરવા અને પ્રોત્સાહન આપવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. – જમ્મુ અને કાશ્મીર
- તાજેતરમાં કોણે સ્ટારલિંક ઉપગ્રહો લોન્ચ કર્યા હતા ? – SpaceX
- 3 ડિસેમ્બરના રોજ ભારતના કયા સ્થળે 'સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર' ફિસ્ટનું આયોજન થયું હતું ? – ગોવા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના તાજેતરના ઠરાવ મુજબ બાંગ્લાદેશ અને નેપાળની નવી શ્રેણી કઈ છે ?

– વિકાસશીલ દેશો

(યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ બાંગ્લાદેશ અને નેપાળ સહિત ત્રણ દેશોને અલ્પ વિકસિત દેશની શ્રેણીમાંથી વિકાસશીલ દેશોના જૂથમાં સ્નાતક કરવાનો સીમાચિહ્ન ઠરાવ અપનાવ્યો છે.)

2. કોલિન્સ ડિક્શનરી અનુસાર 'વર્ષ 2021નો શબ્દ' (Word of the year 2021) શું છે ? – NFT

(કોલિન્સ ડિક્શનરીએ વર્ષ 2021 માટે તેના શબ્દ તરીકે NFT (નોન–ફંજીબલ ટોકન) શબ્દ પસંદ કર્યો છે. કોલિન્સ અનુસાર આ શબ્દનો ઉપયોગ 11,000% વધ્યો છે.)

3. તાજેતરમાં કયા રાજ્યએ વાહનો પર ગ્રીન ટેક્સ વસૂલવા માટે 'મોટર વ્હીકલ ટેક્સેશન (એમેન્ડમેન્ટ) બિલ 2021' પસાર કર્યુ છે ? – આંધ્રપ્રદેશ

4. Lunar Polar Exploration Mission (LUPEX) ચંદ્ર પરનું એક સંયુક્ત મિશન છે, જેમાં કયા બે દેશો સામેલ છે ? – ભારત–જાપાન

(ભારતીય અને જાપાની અવકાશ એજન્સીઓ ધ્રુવીય પ્રદેશની શોધખોળના ઉદ્દેશ્ય સાથે ચંદ્ર પર સંયુક્ત મિશન શરૂ કરવાની યોજના બનાવી રહી છે. આ મિશન જેને લુનર પોલાર એક્સપ્લોરેશન મિશન (LUPEX) તરીકે ઓળખવામાં આવશે.)

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ શાહીન-1A કયા દેશની સપાટીથી સપાટી પર પ્રહાર કરતી બેલેસ્ટિક મિસાઈલ છે ?

– પાકિસ્તાન

6. તાજેતરમાં કયા દેશે 'ફ્યુચર સોલ્જર' આધુનિકીકરણ યોજના શરૂ કરી છે ? – યુકે

7. ચેક રિપબ્લિકના નવા વડાપ્રધાનનું નામ જણાવો ? – શ્રી પેટ્ર ફિઆલા

8. રામકુમાર રામનાથન જેમણે તાજેતરમાં તેનું પ્રથમ ચેલેન્જર લેવલ સિંગલ્સનું ટાઈટલ જીત્યું હતું, તે કઈ રમત સાથે સંકળાયેલા છે ? – ટેનિસ

9. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'હનુક્કાહ' એક તહેવાર છે જે દર વર્ષે કયા જુથ/સમુદાય દ્વારા ઉજવવામાં આવે છે ?

– યહૂદી

10. આંધ્રપ્રદેશ સરકારે તાજેતરમાં વિદ્યા દિવેના યોજના માટે...............રૂપિયા જાહેર કર્યા છે. – 686 કરોડ

11. 1 ડિસેમ્બર, 2021ના રોજ નાગાલેન્ડનો કેટલામો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો ? – 59મો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. તાજેતરમાં સમાચારમાં રહેલ અલીપુર ઝુઓલોજિકલ ગાર્ડન કયા રાજ્યમાં સ્થિત છે ? – પશ્ચિમ બંગાળ

13. તાજેતરમાં પ્રોફેસર રફીકુલ ઈસ્લામનું અવસાન થયું છે તે કયા દેશના વિદ્વાન અને સાંસ્કૃતિક કાર્યકર્તા હતા ? – બાંગ્લાદેશ

14. તાજેતરમાં કેન્દ્ર સરકારે કહ્યું છે કે પાયકા વિદ્રોહને પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ ન કહી શકાય....આ પાયકા વિદ્રોહ કયા વર્ષે થયો હતો ? – 1817

15. Naoriji : Pioneer of Indian Nationalism' પુસ્તકના લેખક કોણ છે ? – શ્રી દિનયાર પટેલ

16. કયા રાજ્યએ તેની સુવર્ણ જયંતિની ઉજવણી માટે બોલિવુડ અભિનેતા શ્રી સંજય દત્તને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પસંદ કર્યા છે ? – અરૂણાચલ પ્રદેશ

17. ભારતીય પ્રવાસન વિકાસ નિગમ (ITDC)ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?– શ્રી સંબિત પાત્રા

18. સૈયદ મુશ્તાક અલી ટ્રોફી 2021-22માં કોણ વિજેતા બન્યું છે ? – તમિલનાડુ

(નવેમ્બર મહિનામાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીનું આયોજન થયું હતું. જેમાં ફાઈનલ મેચમાં કર્ણાટકને હરાવીને તમિલનાડુ વિજય બન્યું છે.)

19. કયો દેશ વિશ્વનું સૌથી પહેલું ‘બિટકોઈન સિટી’ બનાવશે ? – અલ સાલ્વાડોર

20. લંડનના ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટે વિશ્વના સૌથી મોંઘા શહેરોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં વિશ્વનું સૌથી મોઘું શહેર કયું છે ? – તેલ અવીવ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT